# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 05-03-2025      Day: Wednesday  Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## મુખ્યમંત્રી

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે સેમિકંડક્ટર નીતિ લાગુ કરનારું ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે. ગાંધીનગરમાં ગુજરાત સેમિકનેક્ટ કોન્ફરન્સના ઉદ્ઘાટન પ્રસંગે શ્રી પટેલે આમ જણાવ્યું હતું.**

**આ ત્રિ-દિવસીય કોન્ફરન્સમાં સેમિકન્ડકટર ઉત્પાદન અને વૈશ્વિક સેમિકન્ડકટર વેલ્યૂ ચેઈન વિશે ચર્ચા થઇ રહી છે. જેમાં તાઇવાન, અમેરિકા, નેધરલેન્ડ, જાપાન, સિંગાપોરના પ્રતિનિધિઓ દ્વારા વૈશ્વિક સહયોગ અને નવીનતા માટે રાઉન્ડ ટેબલ ચર્ચાઓ યોજાશે. આ પરિષદ દરમિયાન એક હજાર કરોડ રૂપિયાના સમજૂતી કરાર થવાનો લક્ષ્યાંક છે.**

**-------------------------------------------------------------------------------------------**

## રાશનકાર્ડ ઇકેવાયસી

**એનએફએસએ રાશનકાર્ડ એટલે કે રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ તમામ લાભાર્થીઓના રાશનકાર્ડ ઇ-કેવાયસી માટેની કામગીરી ચાલી રહી છે ત્યારે હવે જિલ્લાની 508 ટપાલ કચેરીઓમાં 1 લાખ 63 હજાર લોકોની ઇ-કેવાયસીની કામગીરી અંદાજિત 10 દિવસ બાદ શરૂ કરાશે, જેને લઇને ટપાલ કચેરીઓમાં સોફ્ટવેર ઇન્સ્ટોલેશન સહિતની કામગીરી ચાલી રહી છે.**

**સસ્તા અનાજની દુકાનેથી રાશન મળતું હોય તેવા તમામ લાભાર્થીઓએ ફરજિયાત રાશનકાર્ડ ઇ-કેવાયસી કરાવવાનું રહે છે ત્યારે ગુજરાત સરકાર અને ગુજરાતના ટપાલ વર્તુળ**

વચ્ચે થયેલા એમઓયુ મુજબ કચ્છની 449 બ્રાન્ચ પોસ્ટ ઓફિસ અને અન્ય 59 મળી કુલ 508 ટપાલ કચેરીઓમાં પણ રાશનકાર્ડ ઇ-કેવાયસીની કામગીરી હાથ ધરવામાં આવશે.

---------------------------------------------------------------------------------------

## ભચાઉ-રાપર નગરપાલિકા

ભચાઉ અને રાપર નગરપાલિકામાં ભાજપે સત્તાનું સુકાન સંભાળ્યું છે. બંને નગરપાલિકાઓમાં આજે પ્રમુખ સહિતના હોદ્દેદારોની આગામી અઢી વર્ષ માટે નિમણૂક કરવામાં આવી છે. ભચાઉ નગરપાલિકામાં અનુસૂચિત અનામત બેઠક હોવાથી પેથા વસતા રાઠોડને પ્રમુખ પદે નિયુક્ત કરવામાં આવ્યા છે. જયારે, રાપર નગરપાલિકાનાં પ્રમુખ પદે ચાંદભાઇ ભીંડેની વરણી થઈ છે.

---------------------------------------------------------------------------------------

## આંતરજ્ઞાતિ લગ્ન સહાય યોજના

ડૉ. સવિતાબહેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કચ્છમાં ૧૩ યુગલોને ૪૮ લાખ રૂ. થી વધુનો યોજનાકીય લાભ અપાયો છે.

રાજ્ય સરકારના અનુસૂચિત જાતિ કલ્યાણ વિભાગ હેઠળ ચાલતી આ યોજના અંતર્ગત આંતરજ્ઞાતિય લગ્ન કરનાર યુગલને ૨,૫૦,૦૦૦ રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવે છે.

આ યોજનાનો લાભ લેવા માટે લાભાર્થી ઇ-સમાજ કલ્યાણ વેબસાઇટ મારફતે ઓનલાઈન અરજી કરવા  જિલ્લા નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીની એક યાદીમાં જણાવાયું છે.

---------------------------------------------------------------------------------------

## કચ્છ યુનિ. પીએચડી

કચ્છ યુનિવર્સિટી દ્વારા પીએચ.ડી. પ્રવેશ પરીક્ષા માટે ફોર્મ ભરવાની તારીખ લંબાવીને 15 માર્ચ કરવામાં આવી છે. પીએચ.ડી. પ્રવેશ મેળવવા ઇચ્છુક ઉમેદવારોએ યુનિવર્સિટીમાંથી

ફોર્મ સ્વીકારી ફોર્મ ભરવાનું રહેશે. વર્ષ 2024-25ની મુલત્વી રહેલ પીએચ.ડી. પ્રવેશ પરીક્ષા 6 એપ્રિલે યુનિવર્સિટી ખાતે યોજાશે. વધુ વિગતો માટે કચ્છ યુનિવર્સિટીની વેબસાઇટની મુલાકાત લેવા જણાવાયું છે.

---------------------------------------------------------------------------------------

## સુરજબારી અકસ્માત

કચ્છના પ્રવેશદ્વાર સમા સુરજબારી-સામખીયાળી રાષ્ટ્રીય ધોરીમાર્ગ ખાતે અકસ્માતના કારણે કલાકો સુધી ટ્રાફિક જામ રહ્યો હતો અને એક વ્યક્તિનું મોત પણ નીપજ્યું હતું.

જુના કટારીયા ગામના પાટીયા પાસે કચ્છ તરફ આવતી ટ્રકનું સ્ટીયરીંગ ફેલ થતા તે ડીવાઇડરની રેલીંગમાં ભટકાઇ હતી. જેની પાછળ એક બાદ એક આઠ વાહનો ભટકાયા હતા. આ દરમિયાન અકસ્માત થયેલા ટ્રકને જોવા માટે ઉતરેલા ડ્રાઇવરને પાછળથી આવેલા ટેમ્પોએ ટક્કર મારતા ડ્રાઇવરનું ઘટના સ્થળે જ મૃત્યુ થયું હતું.

---------------------------------------------------------------------------------------

## મમતા દિવસ

જીલ્લામાં મમતા દિવસ અંતર્ગત 18 મોબાઈલ સેશન સહિત કુલ 396 સેશન સાથે મમતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.  આરોગ્ય વિભાગ દ્વારા વિવિધ ટીમો બનાવીને તમામ આંગણવાડી કેન્દ્રો ખાતે મમતા દિવસની ઉજવણીની કામગીરી કરવામાં આવી હતી. આ ઉપરાંત, વાડી વિસ્તાર તેમજ છૂટાછવાયા ઘરો હોય એવા વિસ્તારમાં મોબાઈલ વાન દ્વારા આરોગ્ય વિભાગની ટીમો પહોંચી હતી તેમ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા જણાવાયું છે.

ઉલ્લેખનીય છે કે, 0થી 5 વર્ષ સુધીના બાળકો અને સગર્ભા માતાની સારસંભાળ અને રસીકરણ માટે દર બુધવારે આંગણવાડીઓમાં મમતા દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ ઉપરાંત, આશાબહેનો દ્વારા 10થી 19 વર્ષની વયજૂથની તરુણીઓના સ્વાસ્થ્યની ચકાસણી પણ કરવામાં આવે છે.

---------------------------------------------------------------------------------------

## કચ્છ યુનિ. સ્પર્ધાત્મક પરીક્ષા

કચ્છ યુનિવર્સિટી ખાતે આવેલ જે.કે. ગાંધી આઈએએસ સ્ટડી સેન્ટરમાં આગામી ૧૧મી માર્ચે સ્પર્ધાત્મક પરીક્ષા બાબતે માર્ગદર્શન આપવા સેમિનારનું આયોજન કરાયું છે, જેમાં ભુજમાં એસપી તરીકે ફરજ બજાવી ચુકેલા અને હાલમાં એસીબીના જોઈન્ટ ડાયરેકટર મકરંદ ચૌહાણ હાજર રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપશે.

---------------------------------------------------------------------------------------------

## હવામાન

જીલ્લામાં શિયાળાની વિદાય સાથે હવામાનમાં મોટા ફેરફાર જોવા મળી રહ્યા છે. ઉત્તર ભારતમાં હિમવર્ષાને પગલે ઠંડા પવનોની અસરથી ઠંડીમાં વધારો થતાં લઘુતમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે.

ભુજમાં લઘુતમ તાપમાન 14.8 ડિગ્રી તો મહત્તમ તાપમાન 33.5 ડિગ્રી સુધી પહોંચ્યું હતું. નલિયામાં પરિસ્થિતિ વધુ વિષમ છે. નલિયામાં લઘુતમ તાપમાન 6.2 ડિગ્રી સુધી નીચે ગયું છે તો મહત્તમ તાપમાન 31.2 ડિગ્રી નોંધાયું હતું.

દિવસ દરમિયાન ગરમી અને રાત્રે ઠંડીના કારણે લોકોના સ્વાસ્થ્ય પર વિપરીત અસર થઈ રહી છે. વિષમ હવામાનની સીધી અસર લોકોના સ્વાસ્થ્ય પર દેખાઈ રહી છે. જી.કે. જનરલ હોસ્પિટલ સહિતની જીલ્લાની હોસ્પિટલોમાં તાવ, શરદી, ખાંસી જેવી ઋતુજન્ય બીમારીઓના દર્દીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે.

---------------------------------------------------------------------------------------------

## આપણી સરહદ ઓળખો

કચ્છમાં આપણી સરહદ ઓળખો કાર્યક્રમનો આરંભ કરાયો છે. સમગ્ર રાજ્યમાંથી 100 જેટલા યુવક યુવતીઓ "આપણી સરહદ ઓળખો" કાર્યક્રમમાં સહભાગી થવા માટે કચ્છ આવી પહોંચ્યા છે. તેઓ કુલ 10 દિવસ સુધી કચ્છના વિવિધ સ્થળો જેવા કે ભુજ, ધોળાવીરા, કાળો

**ડુંગર, ભેડિયા બેટ હનુમાન મંદિર, ખરદોઈ પોસ્ટ આંતરરાષ્ટ્રીય બોર્ડર, ધોરડો સફેદ રણ સહિતના વિવિધ સ્થળોની મુલાકાત લેશે. આ મુલાકાતથી તમામ યુવક યુવતીઓ કચ્છની સરહદ અને ભૌગોલિક સ્થિતિ, સંસ્કૃતિ અને રહેણીકરણી તેમજ કચ્છી કલા કસબ વિષે જાણકારી મેળવશે.**

**-----------------------------------------------------------------------------------------------**